ગાંધીનગર સમાચાર

શહેરના તબીબોની અનોખી વડિલ સેવા

## @ગાંધીનગર

● યોગા એન્ડ કલ્ચરલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા સવારે ૧૦ કલાકે અડાલજ સ્થિત ત્રિમંદિર સંકુલના દાદાનગર હોલ ખાતે નેશનલ યોગાસન સ્પોર્ટસ ચેમ્પિયનશીપ ૨૦૧૬નો કાર્યક્રમ યોજાશે.

● સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ ગાંધીનગર અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે સાંજે ૪ કલાકે સેકટર-૨૩ બ્રહ્માણી કૃપા હોલ ખાતે પ્રજ્ઞાચક્ષુઓ માટેની પ્રથમ અખિલ ગુજરાત નેત્રહિન કમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધા યોજાશે.

● ગ્રામ ભારતી ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ દ્વારા રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે અમરાપુર સ્થિત મોતીભાઈ ચૌધરી સભાભવન ખાતે ૩૬મું ભૂતપૂર્વ વિદ્યાર્થી કાર્યક્રમ સંમેલન યોજાશે.

● સમર્પણ પરિવાર ગાંધીનગર દ્વારા સવારે ૬.૪૫ થી ૮ કલાક દરમિયાન સે-૨૨, પંચદેવ મંદિર ખાતે ધ્યાનનો કાર્યક્રમ યોજાશે.

● ગુજરાત દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય (મોચી) સમાજ દ્વારા રવિવારના રોજ સે-૨૮ની લગ્નવાડી ખાતે સમુહ લગ્નોત્સવ યોજાશે.

● ઉત્તર દશકોઈ કડવા પાટીદાર સમાજ દ્વારા રવિવારના રોજ વાડીલાલ ડાહ્યાભાઈ પટેલ વિદ્યાસંકુલ કુડાસણ ખાતે ૨૪મો સમુહ લગ્નોત્સવ યોજાશે.

● શ્રી આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ સમાજ દ્વારા સવારે ૫.૫૫ કલાકે સહિયર ગરબા ગ્રાઉન્ડ સે-૬ ખાતે ૩૪મો સમૂહલગ્ન મહોત્સવ યોજાશે.

● તાવરિયાજી ગ્રુપ દ્વારા સવારે ૮ કલાકે સેકટર-૧૨ બલરામ ભવન ખાતે લયબધ્ધ શ્વસન સ્વાસ્થ્ય શિબિર યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# નિસર્ગ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

## સે-૧૩ બી પ્રા. શાળામાં સાયન્સ વર્કશોપનું આયોજન કરાયું : સે-૧૫ ફતેપુરા પ્રા. શાળામાં સાયન્સ ફિલ્મ શૉ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના સહયોગથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરાયેલ ઉજવણીમાં તા. ૨૫મી ફેબ્રુઆરીએ સેકટર-૧૩ બીમાં સરકારી પ્રાથમિક શાળા ખાતે 'સાયન્સ વર્કશોપ' યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત તા. ૨૬મી ફેબ્રુઆરીએ સે-૧૫ના ફતેપુરા ગામની પ્રા. શાળા ખાતે 'સાયન્સ ફિલ્મ શૉ'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામને કરેલ કિરણોની શોધને વિશ્વનું સર્વોચ્ચ પારિતોષિક 'નોબેલ' પ્રાપ્ત થયું હતું ત્યારથી તા. ૨૮મી ફેબ્રુઆરીને 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને અનુલક્ષીને સમગ્ર ફેબ્રુઆરી માસમાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. તા.૨૫મી ફેબ્રુઆરીએ સે-૧૩-બીની પ્રાથમિક શાળામાં સાયન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને ચોરસના ટુકડામાંથી ૩૦૦ જેટલી આકૃતિ કેવી

રીતે બનાવી શકાય તે અંગે તાલીમ આપવામાં આવી હતી. વિદ્યાર્થી દ્વારા વિવિધ મોડેલ્સ બનાવાયા હતા. વર્કશોપમાં શાળાના ૬૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો તેમજ સે-૧૫ની આઈટીઆઈ સંસ્થાના ૧૦ તાલીમાર્થીઓ પણ જોડાયા હતા.

આ ઉપરાંત તા. ૨૬મી ફેબ્રુઆરીએ સે-૧૫ની ફતેપુરા પ્રાથમિક શાળામાં સાયન્સ ફિલ્મ શૉનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનના જીવન તેમજ તેમની શોધોને આધારિત ડોકયુમેન્ટ્રી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ ફિલ્મ શૉને શાળાના ૧૨૦થી વધુ બાળકોએ માણ્યો હતો. સે-૧૩-બીના સાયન્સ વર્કશોપમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણાએ વિદ્યાર્થીઓને ડૉ. સી.વી. રામન અંગે માહિતી પ્રદાન કરી હતી અને તેમની શોધખોળો અંગે વિસ્તૃત સમજણ આપી હતી. આ કાર્યક્રમમાં શાળાના વિજ્ઞાન શિક્ષક વિક્રમસિંહ ચૌહાણે સહયોગ પૂરો પાડયો હતો જયારે સે-૧૫ની ફતેપુરાની શાળાના કાર્યક્રમ માટે આચાર્યા હંસાબેન તથા વિજ્ઞાન શિક્ષક કૌશિલભાઈ પ્રજાપતિએ પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. બંને કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે જહેમત ઉઠાવી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરના સે-૮માં સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે વાર્ષિકોત્સવનું આયોજન કરાયું હતું. આ વાર્ષિકોત્સવના પગલે શાળામાં સોમવારના દિવસે રજા જાહેર કરવામાં આવી છે.

● રખિયાલમાં ઠાકોર ક્ષત્રિય સેનાએ દારૂની બદી દૂર કરવા કમર કસી છે. ઠાકોર ક્ષત્રિય સેનાએ રખિયાલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા તમામ દારૂના અડ્ડા બંધ કરાવી દેવા પોલીસને અલ્ટીમેટમ આપ્યું છે.

● ગાંધીનગરના સે-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવા લીડરશીપ તાલીમ કાર્યક્રમ ચાલી રહ્યો છે. આજે આ કાર્યક્રમમાં જાણીતા યુવા અગ્રણી સંજીવ મહેતાએ યુવાનોને સ્વચ્છતા, સમય પાલન અને કૌશલ્ય (સ્કીલ)ના ત્રિવેણી સંગમ દ્વારા રાષ્ટ્રને મજબૂત કરવા પ્રેરિત કર્યા હતા.

● છેલ્લા બે દિવસથી શહેરમાં ધીમા પગલે ઉનાળાનુંઆગમન થઈ રહ્યું હોવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. દિવસના સમયે લગભગ તમામ ઘરો-કાર્યાલયોમાં પંખા એસી ચાલુ કરવા પડી રહ્યા છે. પરંતુ હજુ પણ રાત્રિના સમયે ઠંડીનો ચમકારો યથાવત છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# આર.સી. પટેલ શાળા દ્વારા પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ શાળાની ત્રિદિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિર તા. ૨૪-૨-૨૦૧૬થી તા. ૨૬-૨-૨૦૧૬ દરમિયાન અક્ષરધામની સામે વનસંશોધન સંકુલમાં યોજાઈ ગઈ. જેમાં ધો-૯ અને ધો-૧૧ કોમર્સની કુલ ૪૯ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર શિબિરમાં ડ્રામા, ટ્રેકિંગ, કવિતા, ગેમ, સાપોની જાણકારી તથા કેમ્પ ફાયર દ્વારા પ્રાકૃતિક શિક્ષણ વિદ્યાર્થીઓએ મેળવ્યું હતું. બે દિવસીય શિબિરમાં પ્રકૃતિની વિવિધ વનસ્પતિઓનું જ્ઞાન પણ ત્યાંના ઈન્સ્ટ્રકટર દ્વારા આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળના શિક્ષકો કેતકીબેન અન મેઘાબેને ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો અને શિબિરને સફળ બનાવી હતી. શાળાના પ્રિન્સિપાલ ચીનુભાઈ અને સુપરવાઈઝર વિનોદભાઈના માર્ગદર્શન હેઠળ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# આર.એન. પટેલ પ્રા. શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

## વિજ્ઞાન દિવસને અનુલક્ષીને શાળાના ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૬૫ લાઈવ પ્રોજેકટ રજૂ કરાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સે-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસની આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં આજે ધો-૬થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. શાળા કક્ષાના આ બાળ વિજ્ઞાન મેળામાં કડી કેમ્પસની મોટા ભાગની શાળાના બાળકોએ મોટી સંખ્યામાં મુલાકાત લીધી હતી. આ પ્રદર્શનમાં શાળાના કુલ ૬૫ મોડેલ્સ રજૂ કરાયા હતા.

પ્રદર્શનનું ઉદઘાટન કેમ્પસની ભગીની સંસ્થા એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળાના આચાર્યા નિરૂબેન પટેલના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે કેમ્પસની અન્ય ભગીની સંસ્થાઓના આચાર્યો બચુભાઈ પટેલ, ચનુભાઈ પટેલ, દિનાબેન ડોડિયા વગેરેએ પ્રદર્શન નિહાળી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રદર્શનમાં બાળકોએ બાયોગેસ પ્લાન્ટ, સ્માર્ટ સીટી, કલેપ સ્વીચ, સોલાર સીટી, વેક્યુમ કલીનર, જવાળામુખી, એરલિફટ, સ્મોક એલાર્મ, ભૂકંપ એલાર્મ, ત્રિપરિમાણિકય દૃશ્યનો ખ્યાલ જેવા પ્રોજેકટે ભારે આકર્ષણ જમાવ્યું હતું. શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષકો હેતલબેન પટેલ, ભાવનાબેન સ્વામી, ભાવનાબેન દેસાઈ તેમજ શાળાના આચાર્ય દશરથભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ બાળકોએ લાઈવ મોડેલ્સ તૈયાર કર્યા હતા. પ્રદર્શનની મુલાકાતે આવનાર મુલાકાતીઓ બાળકોની કલ્પના શકિત અને સર્જન શકિત પર આફરીન પોકારી ગયા હતા.

### સ્માર્ટસીટીએ આકર્ષણ જમાવ્યું

આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધો-૮માં ભણતા ફેનિલ રામી, જીલ પટેલ, ધાર્મિક પટેલ અને ચિરાગ પટેલ દ્વારા રજૂ કરાયેલ સ્માર્ટ સીટી પ્રોજેકટે મુલાકાતીઓમાં આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રોજેકટમાં 'સ્માર્ટ સીટી'માં વિન્ડ પાવર, વર્ટિકલ ફાર્મિંગ એટલે કે ઉભા ખેતરો, ત્સુનામી એલર્ટ સીસ્ટમ, ખારા પાણીમાંથી વિજળી પેદા કરવા સહિત વાઈફાઈ ફ્રી સીટીનો કોન્સ્પેટ રજુ કરાયો હતો. આ ઉપરાંત સોલાર ઉર્જાને પણ આ પ્રોજેકટમાં મહત્વનું સ્થાન આપવામાં આવ્યું હતું.

# ચિલોડા સર્કલ પાસેથી દારૂ ભરેલી કાર સાથે એક પકડાયો

## રૂ. ૬૨ હજારની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો જપ્ત : બુટલેગરની ધરપકડ

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસેથી આજે સવારે વિદેશી દારૂ-બિયરની હેરાફેરી કરતા એક સેવરોલેટ કંપનીની ગાડી પકડાઈ ગઈ હતી. ચિલોડા પોલીસે વાહન ચેકીંગ દરમિયાન પકડેલી આ ગાડીમાંથી રૂ. ૬૨,૨૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. દારૂ-બિયર તથા કાર મળીને કુલ રૂ. ૩.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે બુટલેગરની ધરપકડ કરી લીધી છે.

ચિલોડા સર્કલ પાસે આજે સવારે સાડા અગિયાર વાગ્યાના અરસામાં ચિલોડા પી.આઈ. વનરાજસિંહ ચાવડા તથા તેમની ટીમ વાહન ચેકીંગ કરી રહી હતી ત્યારે વાહન ચેકીંગ દરમિયાન એક સેવરોલેટ ગાડી નં. જીજે ૧-એચ.આર. ૪૫૭૯ના ચેકીંગ દરમિયાન તેમાંથી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. ગાડીમાંથી રૂ.૪૮ હજારની કિંમતની ૧૨૦ નંગ દારૂની બોટલો તથા ૧૪,૨૦૦ની કિંમતની ૧૪૨ નંગ બિયરના ટીન મળી રૂ. ૬૨,૨૦૦નો દારૂ-બિયર મળી આવ્યો હતો. દારૂ-બિયરની હેરફેરી કરતા પકડાઈ ગયેલા વસ્રાલ રબારી વાસના શખ્સ મુકેશ જયનાથ સરાનીની ધરપકડ કરવામાં આવી છે. એક મોબાઈલ, ગાડી અને દારૂ-બિયર મળીને કુલ રૂ. ૩,૬૩,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલીસે સઘન તપાસ શરુ કરી છે.

## આજે ચૌદ ગામ લેઉઆ પાટીદાર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ચૌદ ગામ લેઉઆ પટેલ સમાજ દ્વારા તા. ૨૮મી ફેબ્રુઆરીને રવિવારના રોજ બપોરે ૩ થી રાત્રેના ૧૦ કલાક દરમિયાન ચ-૩ સર્કલ, વિજય પેટ્રોલ પંપની બાજુમાં સે-૧૧ ખાતે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહ લગ્નોત્સવમાં ૧૦ નવયુગલો લગ્નગ્રંથીથી જોડાશે. બપોરે ૨.૧૫ કલાકે ગણેશ સ્થાપન-મંડપ મુહુર્ત, બપોરે ૨.૩૫ કલાકે ગ્રહશાંતિ, બપોરે ૩.૦૦ કલાકે જાન આગમન સાંજે ૬.૧૫ કલાકે હસ્ત મેળાપ અને રાત્રે ૯.૦૦ કલાકે કન્યા વિદાય કરવામાં આવશે.

## યુનિવર્સિટીના કાયદા વિભાગમાં સેનેટ સભ્ય તરીકે બિનહરીફ વિજેતા

ગાંધીનગર, તા. ૨૭

સિદ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગરના પ્રિન્સિપાલ ડૉ. દિલીપ એ. મેવાડા

ગુજરાત યુનિવર્સિટીમાં કાયદા વિભાગના સેનેટ સભ્ય પ્રિન્સિપાલ કેટેગરી તરીકે બિનહરીફ વિજેતા જાહેર થયા છે. સતત બીજા ટર્મ માટે તેઓ પસંદગી પામ્યા છે. આ ઉપરાંત સિદ્ધાર્થ લૉ કોલેજ સંચાલિત ડૉ. બી.આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટી જાન્યુ.-૨૦૧૬માં યોજાયેલ એન.એ.એ.સી. અને કે.સી.જી. (એ.એ.એ.જી. ઈન્સ્પેક્શન બન્નેમાં બી ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

## વિરાટ દેવી પૂજક સંઘ દ્વારા સમૂહલગ્ન યોજાશે

ગાંધીનગર, તા.૨૭

વિરાટ દેવી પૂજક સંઘ દ્વારા આગામી તા. ૫ માર્ચના રોજ બપોરે ૨ કલાકે સેકટર-૧૧, રામકથા મેદાન ખાતે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમાજની ૧૦૧ કન્યાઓ પ્રભુતામાં પગલા ભરશે. આ લગ્નોત્સવ મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાશે. જેનો લાભ લેવાનું સમાજના પ્રમુખ રૂપસંગભાઈ જી. ભરભીડીયાએ જણાવ્યું છે.

# પી.કે. ચૌધરી કોલેજની એન.એસ.એસ. એકમની ટીમ દ્વારા પ્રજ્ઞા ચક્ષુ શાળાની મુલાકાત

ગાંધીનગર, તા.૨૭

તાજેતરમાં પી.કે.ચૌધરી કોલેજની એન.એસ.એસ. એકમની સ્વયંસેવિકાઓએ સેકટર-૧૬માં આવેલી પ્રજ્ઞાચક્ષુ શાળાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી કૌશલે કોમ્પ્યુટર પર વર્ડમાં ટાઈપ કરીને પોતાની વિશિષ્ટ પ્રતિભાનું નિદર્શન કર્યું હતું. આ ઉપરાંત કૌશલે ભજન ગાઈને અને મોહિતે હાર્મોનિયમ વગાડીને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ભરતસિંહ રાવે પ્રજ્ઞા ચક્ષુ બાળકોને સંબોધતા જણાવ્યું હતું કે દૃષ્ટિની ખામીના પડકારને ઝીલીને પ્રગતિ સાધી રહેલા તમે સૌ અન્ય જે બાળકો શારિરીક અને માનસિક રીતે ક્ષતિરહિત છે તેમના માટે પ્રેરણાનો સ્રોત છે. અંતે એન.એસ.એસ. એકમ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ કાર્ય બદલ કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ સમાજ સેવાની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. પ્રાર્થના બાદ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરીને પ્રતિક ભેટ આપવામાં આવી હતી. શાળાના આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને પરીક્ષા અંગે વિશદ માર્ગદર્શન પુરું પાડયું હતું તેમજ બિન જરુરી ડર કે તણાવથી દુર રહેવા યોગ પ્રાણાયામની મદદ લેવા અને પરીક્ષા પદ્ધતિ વિશે સંપૂર્ણ વિગતો સમજાવી હતી. શાળાના પ્રમુખ દક્ષાબેન સુથારે વિદ્યાર્થીઓને આશીર્વાદ સહ ભેટ તથા અલ્પાહાર આપ્યા હતા. ધોરણ-૧૦ના વિદ્યાર્થી હાર્દિક પ્રજાપતિએ શાળાના તમામ શિક્ષકગણનો તથા શાળાનો આભાર વ્યકત કર્યો હતો. શાળાના શિક્ષક ગણે સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# શહેરના તબીબોની અનોખી વડિલ સેવા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ડોકટર તરીકે ફરજ બજાવતા અને પોતાના વ્યસ્ત શિડયુલમાંથી સમય કાઢીને ૪ જિલ્લામાં આવેલા વૃધ્ધાશ્રમમાં જઈને વયોવૃધ્ધ વડિલોને સેવા કરી રહ્યા છે. અત્યાર સુધીમાં આ ડોકટરોની ટીમે ૫૦૦ થી વધુ કેમ્પ કરીને માનવતાની મહેક પ્રસરાવી છે. વૃધ્ધાશ્રમમાં જઈને બીપી. ડાયાબિટીસ સહિતના રોગની જરુરી દવાઓ પણ નિશૂલ્ક પૂરી પાડે છે. તેમના આ સેવા યજ્ઞમાં નામ ન આપવાની શરતે અનેક નામી અનામી નગરના અગ્રણી પણ આર્થિક રીતે જોડાયેલા છે. આ અનોખી વડીલ સેવાથી તેઓના મનમાં શાંતિ આપે છે તેમ આ સેવામાં જોડાયેલા ડોકટરોનું કહેવું છે.

સનસેટ મેડીકલ ફાઉન્ડેશન ટ્રસ્ટના નેજા હેઠળ તા.૨૨ એપ્રિલ ૨૦૧૧ થી આ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ટ્રસ્ટના પ્રમુખ ડો. શશાંક સિમ્પી, ઉપ પ્રમુખ ડો. રાજેન્દ્ર. આર.ચૌહાણ, ડો. પરેશ ગજ્જર, ડો.કલ્પેશ પરીખ, ડો. વિનય કુમાર, ચિરાયુ વૈધ સહિતના ડોકટર આ સેવા યજ્ઞમાં જોડાયેલા છે. સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં ફરજ બજાવતા અને સતત વ્યસ્ત રહેતા હોવા છતા માનવ સેવાની ધુણી ધખાવીને બેઠેલા આ ડોકટરોની ટીમ ગાંધીનગર, મહેસાણા, અમદાવાદ, સાબરકાંઠાના

વિસ્તારમાં પેથાપુર નાગલપુર કડી, કલોલ, વરસોડા, ટીંટોદર, વિજાપુર, મહુડી, કુહાર, સીંગરવા, આવેલા તમામ વૃધ્ધાશ્રમમાં દર બે માસે જઈને વડિલોનું ચેકઅપ કરીને જરુરી દવાનું વિતરણ કરવામાં આવે છે. ખેંચ, બ્લડપ્રેસર, ડાયાબીટીસ, થાઈરોઈડના લાભાર્થીઓ વધુ છે તેમજ કેલ્શીયમ, મલ્ટીવિટામિનની ગોળીઓ પણ સાથે આપવામાં આવે છે. ડોકટરોની સેવાની મહેક અન્ય સ્ટાફમાં પ્રસરતા સેવામાં સહયોગ માટે મિતેષ પટેલ, વિશાલ ત્રિવેદી, સાર્થક પારેખ, ઈલીયાસ મેમણ તેમજ નિવૃત નાયબ સચિવ યોગેશ ગાંધી પણ હોય છે. આ એક મેડીકલ કેમ્પ પાછળ અંદાજીત રુ. ૫૦૦૦ થી વધુનો ખર્ચ થવા પામે છે આર્થિક સહયોગ માટે કોઈની પાસે ડોકટર હાથ લંબાવતા નથી તેઓ તમામ ખર્ચ સરખા ભાગે વહેંચી લે છે. ગત્ વર્ષે ઓએનજીસી તરફથી રુ.૩.૪૫ લાખની ગ્રાન્ટ ટ્રસ્ટને આપવામાં આવી હતી જયારે રાજદીપ એન્ટરપ્રાઈઝ તરફથી આ ટ્રસ્ટને એમ્બ્યુલન્સ આપવામાં આવી છે. ગમે તેવા સંજોગો હોય પરંતુ બે માસમાં એક બે દિવસની વાર હોય અને ડોકટરની ટીમ પહોંચી જાય આ માટે તેઓને કેટલીક વાર સીએલ રજા પણ મુકવાની ફરજ પડે છે. મોટેભાગે રજાના દિવસે કેમ્પનું આયોજન કરવામાં આવે છે તેમ છતા પહોંચી ના વળતા નજીકના વૃધ્ધાશ્રમમાં ઓફિસ ટાઈમ પછી સેવા કરવા જાય છે. માનવ સેવા એજ પ્રભુ સેવાના મંત્રને સાર્થક કરતા ડોકટરોની ટીમને કયારેક નામી અનામી દાતાઓ આ સેવામાં આર્થીક સહયોગ આપીને પુણ્યનું ભાથુ બાંધે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સતત દર્દીઓથી ઉભરાય છે તો સંજોગોમાં આ માનવ સેવા કરતા ડોકટરોની ટીમને સલામ છે.

## વસંતોત્સવમાં સાંસ્કૃતિક મંત્રી નવરંગી નૃત્યોથી પ્રભાવિત થયા

ગાંધીનગર, તા.૨૭

રાજયના રમતગમત યુવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી ઋતુઓના રાજા વસંતોત્સવમાં સંસ્કૃતિ, કલા અને પ્રકૃતિને માણવા ઉપસ્થિત રહ્યા હતા.

આજ રોજ યોજાયેલ વિવિધ રાજયોના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ખાસ કરીને મહારાષ્ટ્રનું લાવણી, મણિપુરનું પાંગતા સ્ટિક યુંગ ચોલમ, પંજાબનું ભાંગડા, રાજસ્થાનનું મયુરી, ઓરિસ્સાનું ગોટીપુઆ તથા પ્રાચીન-અર્વાચીન અને રાસ તથા આદિજાતિ નૃત્યો રસભર માણ્યા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત દર્શકોએ આ કાર્યક્રમને માણી સાચી સંસ્કૃતિના વાહકોને સલામ કરી હતી.

આ ઉપરાંત રાજયમાં લુપ્ત થતી ભવાઈ અને રંગલો રંગલી તથા આકર્ષક વેશભુષામાં સમગ્ર પરિસરમાં ફરતા કલાકારોને જોઈને લોકોના મન મોહાતા હતા. સાચા અર્થમાં વસંતોત્સવ કાર્યક્રમ નવરંગી ચંદરવો અને રાષ્ટ્રીય લોકકળાની સંસ્કૃતિના આદાન-પ્રદાનનો અવસર બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. પરસોત્તમ ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ.૬૩
- સ્વ. લીલાબેન ભરતજી ચૌહાણ, ઉ.વ.૩૫
- સ્વ. ધનીબેન ચંદ્રકાન્તભાઈ સાકળીયા, ઉ.વ.૯૪